# ઝાડ અને પથ્થર

– આશાબહેન એ. શાહ


શરદ ઋતુ હતી. મોસમ ખૂબ જ સુંદર હતું. રાત્રે ઠંડી હવા લહેરાતી. હરસિંગારનાં ફૂલ ખૂબ ખરતાં. તે વૃક્ષની નીચે જ પથ્થરની એક મોટી શિલા હતી. મોટાભાગનાં ફૂલ તેના પર પડતાં. પથ્થરની શિલાને ખૂબ જ ગુસ્સો ચડતો . તેણે કેટલીયે વખત વૃક્ષને ચેતવણી આપી, ''જુઓ, તમારાં ફૂલોને મારા પર ન પાડશો. આ બાબત સારી નથી.''

પરંતુ તેમ છતાં હંમેશાં તેમ જ બનતું. હવે પથ્થરની શિલાનો ગુસ્સો વધી ગયો. 'ઠીક છે. આ અપમાનનો બદલો લઈશ જ' તેણે એવું નક્કી કર્યું.

બીજા જ દિવસથી તેણે ફૂલોને કચડવાનું ચાલુ કરી દીધું. નાનાં નાનાં ફૂલો ખરતાં અને પથ્થર કઠોર બનીને તેને કચડી નાખતો. છતાંય ફૂલોનું ખરવાનું બંધ ન થયું. શિલા તો વિચારતી હતી કે ફૂલોને આ રીતે કચડાઈ જતાં જોઈને વૃક્ષ તેની માફી માંગશે અને તેના ઉપર ખરતાં ફૂલ બિલકુલ બંધ થઈ જશે. પરંતુ ફૂલ તો પહેલાંની જેમ જ ખરતાં રહ્યા. ઊલટાનું શિલા જ તેમને કચડતાં–કચડતાં થાકી ગઈ. છેવટે તેનાથી રહેવાયું નહીં. તેણે વૃક્ષને પૂછી જ લીધું, ''શું તમે જોતાં નથી કે હું તમારા ઢગલાબંધ ફૂલોને કચડી નાંખું છું, તો પણ તમે આટલાં બધાં ફૂલ મારી ઉપર નાખતા જ રહો છો.....? શું ફૂલોનો આમ નાશ થતો જોઈને તમને દુ:ખ નથી થતું ? ''

વૃક્ષ હસ્યું અને કહ્યું, ''બહેન, હું વિચારું છું કે તમે મારા ઉપર ઉપકાર કરો છો. તમે ફૂલોને કચડીને સુગંધને ખૂબ જ દૂર–દૂર સુધી ફેલાવી દો છો.''

વૃક્ષની આ મહાનતા જોઈ શિલાનું મસ્તક ઝૂકી ગયું. તે પોતાની જાત ખૂબ જ નીચી હોય તેવો અનુભવ કરવા લાગી. તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. વિચારવા લાગી, 'અરે, મને ખરાબ કામ કરવાવાળીને માટે પણ તેના મનમાં કોઈ દુર્ભાવ નથી. સામાન્ય રીતે તો જરીક ખોટું કરવાવાળાને અમે દુશ્મન જ માની લઈએ છીએ.' આ વૃક્ષનું દિલ કેટલું ઉદાર છે. તેણે વૃક્ષને કહ્યું, ''ભાઈ, મને માફ કરી દો. હું તમારા જેવી મહાન નથી. હું તો ખૂબ જ ખરાબ છું. મેં તો ગુસ્સામાં આવીને જ તમારા ફૂલોને કચડી–મસળી નાખ્યા હતાં.''



વૃક્ષ તેની વાત સાંભળી થોડી વાર ચૂપ રહ્યું પછી તેણે દૂર ક્ષિતિજ તરફ જોઈને, જાણે પોતે પોતાને જ કહી રહ્યું હોય તેમ ખૂબ જ ધીમા અવાજે બોલ્યું, દરેક વસ્તુ (વાત) ને બે બાજુ હોય છે. સારી અને ખરાબ. અગર જો અમારું મન ખરાબી શોધવા માંડે તો અમારું જીવન ક્રોધ, ખીજ અને અસંતોષથી ભરપૂર થઈ જાય. ન તો અમે કોઈ પર વિશ્વાસ કરી શકીએ છીએ, કે બીજા કોઈ અમારા ઉપર વિશ્વાસ કરે.'

''આ તો બિલકુલ સાચું જ કહો છો તમે'' શિલા બોલી. વૃક્ષ આગળ કહેવા લાગ્યું, ''જ્યારે, અને ખરાબમાં પણ સારા ગુણો શોધી કાઢીએ છીએ ત્યારે એનાથી અમારી હિંમત અને મનોબળ વધે છે. કામ કરવાની શક્તિ વધે છે. ખરાબ કરવાવાળાનો અમે તે જ સમયે વિરોધ કરીએ એ જરૂરી નથી. પરંતુ એટલું તો કરી શકાય કે તેનો ખરાબ પક્ષ વારે વારે જોઈને પોતાના વિચારોને ઉત્તેજના અને ઘૃણાથી ખરાબ ન કરીએ. અને પોતાની શક્તિઓને વ્યર્થ ન કરીએ.''

શિલા કહેવા લાગી, ''તમારા જેવો કોઈ મહાન જ તેવું કરી શકે.''

વૃક્ષે ફરીથી હસીને કહ્યું, ‘‘બહેન, જન્મથી કોઈ મહાન કે તુચ્છ હોતું નથી. આપણે જેવું વિચારીએ, જેવું કરીએ, તેવા જ આપણે બની જઈએ છીએ. મોટાઓની મહાનતાની પાછળ તેમના વિચારોની ઉચ્ચતા, આચરણની પવિત્રતા જ હોય છે. અશક્ય કંઈ જ નથી પ્રયત્ન કરવાની દરેક મહાન બને છે.’’

વૃક્ષની વાતોથી શિલા ખૂબ જ પ્રભાવિત થઈ. કહેવા લાગી, ‘‘ભાઈ તમે તો મોટા વિદ્વાન અને પરોપકારી છો. આજે તમે જીવન જીવવાની સાચી દિશા બતાવી છે. હું પણ તે પ્રમાણે ચાલવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીશ અને મારા જીવનને સફળ અને સાર્થક બનાવીશ.’’

■